સુવિચાર : દુ:ખને રવાના કરીને સુખ આપવાનું કામ જો પુણ્ય કરે છે, તો દોષને રવાના કરીને ગુણને ભેટ આપવાનું કામ ધર્મ કરે છે - ધર્મસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૬ | ૭ ડિસેમ્બર, ૨૦૧૫, સોમવાર ; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ભારત-પાકના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો વચ્ચે લાંબી બેઠક
- મોદીને ટાર્ગેટ બનાવવાની યોજનાનો પર્દાફાશ કરાયો
- ભારત અને પાક વચ્ચે ક્રિકેટ શ્રેણીને લઇને હજુ સસ્પેન્સ
- ચેન્નાઈ પુર : મૃતાંક ૪૫૦, રાહત કામગીરી વધુ તીવ્ર
- હાઈએલર્ટની વચ્ચે બાબરી મસ્જિદ ધ્વંસ વરસી પસાર
- ઇક્વિટી એમએફનો આંકડો વધીને ૮૭,૦૦૦ કરોડ થયો
- ફરી સરકાર રચવા બાબરી મસ્જિદ બનાવવી જ પડશે : આઝમ ખાન
- દિલ્હી ટેસ્ટ : આફ્રિકા પર હજુ પણ હારનું સંકટ છે
- મુરલી વિજય પર મેચ ફીની ૩૦ ટકા રકમનો દંડ કરાયો

# પીએફ પરનો વ્યાજદર વધશે નહિ

**હાલમાં પીએફ પર વ્યાજદર ૮.૭૫ ટકા રહેલો છે : ઇપીએફઓ કર્મચારીઓની થાપણ પર મળનાર વ્યાજમાં વધારો કરવા ઇચ્છુક છે પરંતુ નાણામંત્રાલય તૈયાર નથી : નાની બચત પર વ્યાજદર ઘટી શકે છે**

નવીદિલ્હી,તા. ૬

વર્ષ ૨૦૧૫-૧૬ માટે પીએફ થાપણ ઉપર વ્યાજદરને યથાવતરીતે ૮.૭૫ ટકાના દરે ઈપીએફઓ દ્વારા જાળવી રાખવામાં આવે તેવી ઈચ્છા નાણામંત્રાલય દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર આ વર્ષે પીએફ ઉપર મળનાર વ્યાજમાં કોઈ ફેરફાર કે વધારો કરવા ઈચ્છુક નથી. નાણામંત્રાલય એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઉપર મળનાર વ્યાજદરમાં કોઈ વધારો કરવા ઈચ્છુક નથી. હાલમાં પીએફ ઉપર વ્યાજદર ૮.૭૫ ટકા છે. છેલ્લા દિવસોમાં રિટાયર્ડમેન્ટ ફંડ રાખનાર સંસ્થા ઈપીએફઓએ કર્મચારીઓની થાપણ પર મળનાર વ્યાજદરમાં વધારો કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ નાણામંત્રાલય આને મંજુરી આપે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. તેના પાંચ કરોડથી પણ વધારે ગ્રાહકોને વધુ સારા રિટર્ન આપવા માટે રિટાયર્ડમેન્ટ ફંડ બોડી ઈચ્છુક છે પરંતુ સરકાર તૈયાર દેખાતી નથી. છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં ઈપીએફઓના વ્યાજદરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) છેલ્લા બે નાણાંકીય વર્ષથી પીએફ થાપણ પર ૮.૭૫ ટકા વ્યાજ આપે છે. તાજેતરમાં નાણામંત્રાલય અને શ્રમ મંત્રાલયના અધિકારીઓની બેઠક દરમયાન આ બાબત ઉપર સહમતિ થઈ હતી કે છેલ્લા બે વર્ષની જેમ જ પીએફ પર મળનાર વ્યાજદરમાં કોઈ વધારો કરવામાં ન આવે અને તેને યથાવત સ્થિતિમાં જાળવી રાખવામાં આવે. બીજી બાજુ નાની બચત યોજનાઓના વ્યાજદરમાં કાપ મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નવમી ડિસેમ્બરના દિવસે ઈપીએફઓના ટ્રસ્ટીઓની બેઠક યોજાનાર છે પરંતુ તેમાં વ્યાજદર વધારવાના મુદ્દે કોઈ ચર્ચા થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

સરકાર નાની બચત યોજનાઓ અને ઈપીએફ ઉપર

● અનુસંધાન પાન-૭ પર

# રેલવેએ ૧૪૦૦૦ કરોડના પીપીપી પ્રોજેક્ટસ હાથ ધર્યા



નવી દિલ્હી,તા. ૬

૧૨મી પંચવર્ષીય યોજના દરમિયાન રેલવે દ્વારા ૧૪૦૦૦ કરોડ રૂપિયાના ૨૦ મોટા પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે જેમાં નવી રેલવે લાઈન બીછાવવા, પ્રવર્તમાન રેલવે લાઈનને ડબલ કરવા, બંદર કનેક્ટીવિટીને વધારવા અને પીપીપી મોડલ હેઠળ તેના નેટવર્કને વધારે ઈલેક્ટ્રીફાઈન કરવાની યોજના છે. પીપીપી પ્રોજેક્ટ હેઠળ સાત પ્રોજેક્ટો ૫૬૯૩ કરોડ રૂપિયાના છે જે સંયુક્ત સાહસ મોડલના ભાગરુપે આગળ વધશે. જ્યારે ૨૨૩૬ કરોડ રૂપિયાના ખર્ચને આવરી લેતા આટલા જ પ્રોજેક્ટોને કસ્ટોનેર ફંડેડ મોડલ હેઠળ અમલી બનાવવામાં આવશે. ૩૦૧૬ કરોડ રૂપિયાના ત્રણ પીપીપી પ્રોજેક્ટ ઓનીટી રુટ

**નવી રેલવે લાઈન બીછાવાશે, કનેક્ટીવિટી વધશે : આગામી ૫ વર્ષ માટે ૮.૫૬ લાખ કરોડના ઇન્વેસ્ટમેન્ટ પ્લાન પર ભારતીય રેલવે આગળ વધી રહ્યું છે : અહેવાલ**

● અનુસંધાન પાન-૭ પર

# જીએસટી બિલને પસાર કરવા માટે સરકાર ઉત્સુક

**આજથી રાજ્યસભામાં ભારે હોબાળો રહે તેવી સંભાવના : લોકસભામાં ચાર અને રાજ્યસભામાં સાત બિલને પસાર કરવા માટેની સરકારની તૈયારીઓ**



નવીદિલ્હી,તા. ૬

સંસદના શિયાળુ સત્રમાં આ સપ્તાહમાં જ જીએસટી બિલને નિર્ણાયક વળાંક આપવા માટે મોદી સરકાર કટિબદ્ધ દેખાઈ રહી છે ત્યારે શિયાળુ સત્ર આવતીકાલથી રાજ્યસભામાં તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બંને પક્ષો ચાવીરુપ સુધારા પગલાને લઈને મક્કમ દેખાઈ રહ્યા છે. આ મુદ્દા ઉપર શાસક પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે સતત ખેંચતાણની સ્થિતિ રહી છે. વર્તમાન શિયાળુ સત્રના પ્રથમ બે દિવસ કોઈપણ ચર્ચા વગર પસાર થઈ ગયા હતા. બંધારણ ઉપર ચર્ચા, તેના ઘડવૈયા બીઆર આંબેડકર ઉપર ચર્ચા સાથે આની શરૂઆત થઈ હતી. કેન્દ્રીય મંત્રી વીકે સિંહના વિવાદાસ્પદ નિવેદન, હરિયાણામાં બે દલિતોની હત્યાના મામલાને લઈને ભારે હોબાળો રહ્યો છે. સરકાર પાસે વધારે વિકલ્પો રહ્યા નથી. આર્થિક સુધારાને આગળ વધારવા માટે ઉત્સુક દેખાઈ રહેલી કેન્દ્ર સરકાર સોમવારથી બંને ગૃહો માટે ભારે એજન્ડા ધરાવે છે જેમાં લોકસભામાં ચાર વધુ બિલનો સમાવેશ થાય છે. બે બિલ પહેલાથી જ રહેલા છે. જ્યારે રાજ્યસભામાં સાત બિલને પસાર કરવાની યોજના ધરાવે છે. રાજ્યસભામાં ત્રણ બિલ પહેલાથી જ લિસ્ટેડ થઈ ચુક્યા છે. સંસદીય બાબતોના રાજ્યમંત્રી મુખ્તાર અબ્બાસ નકવી કહી ચુક્યા છે કે, જીએસટી બિલ

● અનુસંધાન પાન-૭ પર

# આંબેડકરના યોગદાનને દેશ ક્યારેય ભુલી નહીં શકે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા. ૬

બંધારણના ઘડવૈયા બીઆર આંબેડકરની પુણ્યતિથિના પ્રસંગે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આંબેડકરના યોગદાનને ક્યારેય ભુલી શકાય નહીં. આંબેડકરની આર્થિક વિચાર દ્રષ્ટિ પણ ખુબ જ દુરદર્શી હતી. અલબત્ત સામાજિક ન્યાય પ્રત્યે તેમના યોગદાનને અભૂતપૂર્વ ગણી શકાય છે. આંબેડકરની પુણ્યતિથિના પ્રસંગે પોતાના નિવાસસ્થાન પર મોદીએ બે સિક્કા જારી કર્યા હતા. વડાપ્રધાને સામાજિક ન્યાય પ્રત્યે તેમના યોગદાનની પ્રશંસા કરતા કહ્યું હતું કે, તેમના આર્થિક યોગદાન તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. તેમની આર્થિક વિચારધારાને સમજી લેવાની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, ખુબ ઓછા વ્યક્તિગત લોકો જાહેરજીવનમાં હંમેશા જીવંત રહે છે. તેમના મૃત્યુના ૬૦ વર્ષ બાદ પણ અમે આંબેડકરની વિચારધારાને આજના સમયમાં યાદ કરીએ છીએ. તેમની વિચારધારાનું સન્માન કરીએ છીએ. આંબેડકર અને બંધારણ હંમેશા ચર્ચામાં રહેવા જોઈએ. ૨૬મી નવેમ્બરના દિવસને બંધારણ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કરાયો છે. આ દિશામાં આદેશો પણ જારી થઈ ચુક્યા છે. વડાપ્રધાનને મહિલા સશક્તિકરણ, ફાઈનાન્સ અને જેટલી, સામાજિક ન્યાય અને અધિકારિતા પ્રધાન થારવચંદ ગેહલોત પણ ઉપસ્થિત રહ્યા હતા.

**સામાજિક ન્યાય સિવાય પણ આંબેડકરનું યોગદાન : આંબેડકરની પુણ્યતિથિએ પુષ્પાંજલિ કાર્યક્રમ: બંધારણના ઘડવૈયાની આર્થિક વિચારધારાને સમજવાની જરૂર : મોદી**

શિક્ષણના ક્ષેત્રમાં આંબેડકરની વિચારધારાની પણ યાદ અપાવી હતી. આ પ્રસંગે નાણામંત્રી અરુણ સંસદીય ગૃહના લોનમાં તેમની પ્રતિમા ઉપર મોદીએ પુષ્પાંજલિ પણ આપી હતી.

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્ક્વેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

www.alkemlabs.com

ALKEM
ALKEM LABORATORIES LIMITED

A PORTFOLIO OF
705 PHARMA BRANDS IN INDIA*

Of which 16 feature in the Top 300 brands** and 5 in the Top 50 brands of the Indian Pharmaceutical Industry***



We're India's 5th largest Pharmaceutical company in terms of domestic sales.***

And here's why:

- Ranked No. 1 in terms of revenues in the largest therapeutic area (anti-infectives) in the Indian pharmaceutical industry for the past 10 years#
- Third-fastest growing company in terms of sales (FY 2011 to FY 2015) among ten largest pharmaceutical companies in Indian domestic formulations market***
- Field force of 5,745 medical representatives spread across India
- Products were prescribed by 71.9% of total prescribers##
- 14 manufacturing facilities in India, 2 in USA. Out of which 5 are USFDA, TGA Australia and UK MHRA approved
- Products sold in 56 countries
- Strong R&D capabilities; employs 480 scientists in research and development function
- 69 abbreviated new drug applications (ANDAs) filed in US with 21 final and 3 tentative approvals
- Expanded internationally through both organic growth and strategic acquisitions in United States

THE ALKEMY OF GROWTH

# Source: IMS SSA MAT March 2015 for fiscal year 2015 and IMS SSA MAT September 2015 for the six months ended September 2015
## Six months ended September 30, 2015; source: IMS Health

*Source: IMS SSA MAT September 2015. **For six months ended September 30, 2015 [Source: IMS SSA MAT September 2015].
***For fiscal year 2015. [Source: IMS SSA MAT March 2015]

Adfactors 324A

**Alkem Laboratories Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the RHP with the Registrar of Companies, Mumbai, Maharashtra. The RHP shall be available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com and www.nseindia.com respectively, GCBRLMs at www.nomuraholdings.com/company/group/asia/india/index.html, www.axiscapital.co.in, www.jpmipl.com and www.edelweissfin.com. Any Potential Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see the section titled "Risk Factors" on page 18 of the RHP.
The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction. These materials are not for publication or distribution, directly or indirectly, in or into the United States (including its territories and possessions, any state of the United States and the District of Columbia). These materials are not an offer of securities for sale into the United States, Canada or Japan. The securities referred to herein have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended, and may not be offered or sold in the United States, except pursuant to an applicable exemption from registration. No public offering of securities is being made in the United States.

ગાંધીનગરમાં
ઈચ્છો ત્યાં ગરમા ગરમ
ઘર જેવું ભોજન...

બપોરે :
રોટલી, શાક, કઠોળ,
દાળ-ભાત, સલાડ

સાંજે :
ભાખરી, શાક, ખિચડી
અને દૂધ અથવા
જે તે દિવસના
મેનુ પ્રમાણે




આસ્થા ટિફિન
સંપર્ક : રાજેશ પટેલ
564, સેક્ટર-8-બી, ગાંધીનગર.
ફોન. 94094 28284, 98982 68159
PARAM